પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૨૨ | ૩ ફેબ્રુઆરી, ૨૦૨૧, બુધવાર; પોષ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતોનું છઠ્ઠીએ દેશવ્યાપી ચક્કાજામનું એલાન

**૬ઠ્ઠી ફેબ્રુ.એ ખેડૂતોની ચક્કાજામની જાહેરાતથી પોલીસ કાફલો વધારાયો : દિલ્હી સરહદે લોખંડી બંદોબસ્ત ગોઠવાયો : ઓક્ટોબર પહેલાં આંદોલન ખતમ નહીં કરવા રાકેશ ટિકૈતની જાહેરાત : દેખાવના સ્થળો પર અને તેની નજીકના વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ કરી દેવાયું, લોકોને પગપાળા સરહદ ઓળંગતા રોકવા કાંટાવાળા તાર ગોઠવવામાં આવ્યા**

નવી દિલ્હી, તા. ૨

કેન્દ્રના કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને ખેડૂત સંગઠનો વધુ



વેગ આગળ ધપાવવાની તૈયારી કરી રહ્યા છે. વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બને તેવા એંધાણને પગલે દિલ્હી પોલીસે સરહદ પર લોખંડી બંદોબસ્ત ખડકી દીધો છે. વધારાનો પોલીસ કાફલો ખડકવા ઉપરાંત બેરિકેડ્સની સંખ્યા પણ વધારી દેવામાં આવી છે. દેખાવના સ્થળો પર અને તેની આસપાસના વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે. લોકોને પગપાળા સરહદ ઓળંગતા રોકવા કાંટાવાળા તાર પણ ગોઠવવામાં આવ્યા છે.



ખેડૂત સંગઠનોએ ૬ ફેબ્રુઆરીએ ચક્કાજામ કરવાની જાહેરાત કરી છે. આંદોલન સ્થળની નજીકના વિસ્તારમાં



ઈન્ટરનેટ પ્રતિબંધ, અધિકારીઓ દ્વારા કથિત કનડગત અને અન્ય મુદ્દાઓ વિરુદ્ધ ત્રણ કલાક સુધી રાષ્ટ્રીય તેમજ સ્ટેટ હાઈવેને જામ કરીને દેશના અન્નદાતાઓ વિરોધ નોંધાવશે. ખેડૂતોના ચક્કાજામ અંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે જણાવ્યું કે આપણે ખેડૂતોના સમર્થનમાં દેશભરમાં શનિવારે ૬ ફેબ્રુઆરીએ ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી ખેતરમાંથી નિકળીને રસ્તા પર બેસવું પડશે.

● અનુસંધાન પાન-૭ પર

# વિપક્ષોના હોબાળા વચ્ચે રાજ્યસભા દિવસ માટે સ્થગિત

**ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસ અને વિપક્ષનો ભારે વિરોધ : ઉપાધ્યક્ષે કોરોના પ્રોટોકોલનું પાલન કરવા સાંસદોને જગ્યાએ જવા અપીલ કરી પણ તેમણે કોઈ વાત ધ્યાનમાં લીધી નહતી**

નવી દિલ્હી, તા. ૨

ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસ અને વિપક્ષના રાજ્યસભામાં ભારે વિરોધને પગલે ગૃહની કામગીરી સમગ્ર દિવસ સુધી સ્થગિત રાખવામાં આવી છે. કૃષિ કાયદાને લઈને ખેડૂતોના મુદ્દે ગૃહમાં કોંગ્રેસ સહિતના વિપક્ષ દળોએ ભારે શોરબકોર અને સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્રણ વખત ગૃહની કામગીરી સ્થગિત રખાયા બાદ સમગ્ર દિવસ માટે સ્થગિત રાખવામાં આવી છે. સૌપ્રથમ ૧૦.૩૦ના ગૃહને ૪૦ મિનિટ સુધી સ્થગિત રખાયું હતું. ત્યારબાદ ગૃહની કામગીરી શરૂ થતા વિપક્ષે ભારે હંગામો મચાવતા ફરીથી ૧૧.૩૦ના ગૃહને સ્થગિત રખાયું હતું. કોંગ્રેસ સહિતના વિપક્ષના સાંસદો વિરોધ કરવા વેલમાં ધસી ગયા હોવાથી ડેપ્યુટી સ્પીકર હરિવંશને ગૃહને ફરીથી સ્થગિત રાખવાની ફરજ પડી હતી. ઉપાધ્યક્ષે કોરોના પ્રોટોકોલનું પાલન કરવા સાંસદોને તેમની જગ્યાએ જવા અપીલ પણ કરી હતી પરંતુ તેમણે કોઈ વાત ધ્યાનમાં લીધી નહતી.

રાજ્યસભામાં કોંગ્રેસ, ડાબેરીઓ, ટીએમસી, ડીએમકે અને આરજેડીના સાંસદોએ

● અનુસંધાન પાન-૭ પર

## વિપક્ષના સમર્થનથી કોઈ સમસ્યા નહીં, ઓક્ટોબર સુધી ચાલુ રહેશે આંદોલન : ટિકૈત

ન્યુ દિલ્હી,તા. ૨

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદા સામે સાત મહિનાથી વધુ સમયથી ખેડુતો દેશમાં આંદોલન કરી રહ્યા છે. બે મહિનાથી વધુ સમયથી, ખેડૂતો દિલ્હીની જુદી જુદી સીમાઓ પર ધરણા પર બેઠા છે. દરમિયાન ખેડૂત નેતા રાકેશ ટીકાઈટ દ્વારા એક મોટું નિવેદન આવ્યું છે. રાકેશ ટીકૈતે કહ્યું છે કે તાજેતરના ભૂતકાળમાં આ આંદોલનનો અંત આવે તેવી કોઈ આશા નથી. આ આંદોલન હજી સાત-આઠ મહિના અને દિલ્હીની સરહદો પર ચાલી શકે છે.

# પંજાબમાં સુખબીર સિંહ બાદલના કાફલા પર પથ્થમારો અને ફાયરિંગ

**અકાલી અને કોંગ્રેસી કાર્યકરો વચ્ચે ઘર્ષણ : અકાલી દળ નેતા સુખબીર સિંહ બાદલ સુરક્ષિત**

ચંડીગઢ,તા. ૨

શિરોમણિ અકાલી દળના અધ્યક્ષ સુખબીર સિંહ બાદલની ગાડી પર જલાલાબાદમાં હુમલો થયો છે. અકાલી અને કોંગ્રેસી કાર્યકરો વચ્ચે ઘર્ષણ અને ફાયરિંગના સમાચાર મળી રહ્યાં છે. આ ઘટનામાં ગાડીઓને નુકસાન પહોંચ્યું છે. આ ઘર્ષણની ઘટના નગર કાઉન્સિલની ચૂંટણી માટે ઉમેદવારી દરમિયાન થઈ છે. સાથોસાથ ઉપદ્રવીઓ તરફથી અકાલી દળના કાર્યકર્તાઓ પર ફાયરિંગ કર્યું હોવાના પણ અહેવાલ છે. આ ઘટનામાં સુખબીર સિંહ બાદલ સુરક્ષિત છે.

નગર કાઉન્સિલ ચૂંટણીને લઈને જલાલાબાદમાં શિરોમણિ અકાલી દળના ઉમેદવાર ઉમેદવારી પત્ર ભરવા જઈ રહ્યાં હતાં. આ દરમિયાન સુખબીર સિંહ બાદલ પર કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. કહેવાઈ રહ્યું છે કે, અકાલી અને કોંગ્રેસી કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું અને કેટલાક લોકોએ સુખબીર સિંહની ગાડી પર હુમલો કર્યો હતો. હાલ પોલીસે સ્થિતિ કાબૂમાં લઈ સુરક્ષા વધારી દીધી છે. ઘર્ષણ દરમિયાન કેટલાક લોકોએ સુખબીર સિંહ બાદલની ગાડીમાં તોડફોડ કરી અને ફાયરિંગ કરાયાના પણ સમાચાર મળી રહ્યાં છે.

## લાલ કિલ્લાને અનિશ્ચિતકાળ માટે બંધ કરાયો



ન્યુ દિલ્હી,તા. ૨

દિલ્હીમાં આવેલા લાલ કિલ્લાને અનિશ્ચિતકાળ માટે બંધ કરવામાં આવ્યો છે. દિલ્હી સેન્ટ્રલના ડીએમે આજે આ બાબતે એક આદેશ જાહેર કર્યો છે. દિલ્હી આપદા પ્રાધિકરણ તરફથી જાહેર કરેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે લાલ કિલ્લા અને તેની આસપાસના વિસ્તારમાં બર્ડ ફ્લૂના સંક્રમણને ધ્યાનમાં રાખતા પરિસરને જનતા અને પર્યટકો માટે બંધ કરવામાં આવ્યું છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટરની મંજૂરીથી લાલ કિલ્લાને લોકો અને પર્યટકો માટે બંધ કરવામાં આવ્યો છે. આ પહેલા લાલ કિલ્લા વિસ્તારમાં ૧૪ કાગડા અને ૪ બતકોના મોત થયા હતા. સેમ્પલની તપાસ કરતા તેમાં બર્ડ ફ્લૂની પૃષ્ટિ થઈ હતી. આઠ સેમ્પલોમાં બર્ડ ફ્લૂના સ્ટ્રેન મળ્યા પછી એનિમલ હસબેંડરી ડિપાર્ટમેન્ટે દિલ્હીમાં બર્ડ ફ્લૂ થવાની પૃષ્ટિ કરી હતી.

# ભારતીય મૂળના અમેરિકન ભવ્યા લાલ નાસાના કાર્યકારી પ્રમુખ બન્યા

**ભારતીય-અમેરિકન ભવ્યા લાલ અમેરિકાના નવનિર્વાચિત પ્રમુખ દ્વારા નાસામાં ફેરફાર સંબંધી સમીક્ષા દળના સભ્ય**

વોશિંગ્ટન, તા. ૨

ભારતીય-અમેરિકન ભવ્યા લાલને સોમવારે નાસા દ્વારા અમેરિકાની અંતરિક્ષ એજન્સીની કાર્યકારી પ્રમુખ નિયુક્ત કરવામાં આવી છે. ભવ્યા લાલ અમેરિકાના નવનિર્વાચિત રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન દ્વારા નાસામાં ફેરફાર સંબંધી સમીક્ષા દળના સભ્ય છે અને બાઈડન પ્રશાસન અંતર્ગત એજન્સીમાં પરિવર્તન સંબંધી કાર્યોને જોઈ રહ્યાં છે.

ભવ્યા લાલ પાસે આ પદ માટે બહોળો અનુભવ અને કાબેલિયત છે. ખુદ નાસા એ આ





વાત કહી છે. સોમવારે રાતે નાસાએ એક નિવેદનમાં કહ્યું- ભવ્યા દરેક રીતે આ પદ માટે કાબેલ છે. તેમની પાસે એન્જિનિયરિંગ અને સ્પેસ

● અનુસંધાન પાન-૭ પર

## ચીને સરહદથી ૧૦૦ કિમી દૂર ટેન્કો, તોપો અને હજારો સૈનિકો સાથે યુદ્ધાભ્યાસ શરુ કર્યો

લેહ,તા. ૨

એક તરફ ભારત સાથે શાંતિ માટે મંત્રણા અને બીજી તરફ સીમા પર ચીન તનાવ યથાવત રાખી રહ્યુ છે.હવે ચીને સરહદથી માંડ ૧૦૦ કિલોમીટર દુર ટેન્કો, તોપો અને ભારેખમ વાહનો તેમજ હજારો સૈનિકો સાથે યુધ્ધાભ્યાસ શરુ કર્યો છે.

મળતી વિગતો અનુસાર પશ્ચિમ તિબેટમાં જ્યાં આ અભ્યાસ ચાલી રહ્યો છે તે જગ્યા ભારત સાથેની સરહદથી માંડ ૧૦૦ કિલોમીટર દુર છે.જાન્યુઆરીમાં આ પ્રેક્ટિસ ડ્રિલ યોજાઈ હતી અને તેનો એક વિડિયો પણ ચીને જાહેર કર્યો છે.આ વિડિયોમાં મોટી સંખ્યામાં ટ્રકો, ટેન્કો અને તોપો જોઈ શકાય છે.

કેટલાક અહેવાલો પ્રમાણે ચીને ભારતની સરહદ નજીક ઠેર ઠેર ટેન્કોની તૈનાતી કરી છે અને આવામાં તેના ઈરાદા પર શંકા ઉભી થવી સ્વાભાવિક છે. વિડિયોમાં જે ટેન્ક દેખાય છે તે પણ નવી બનાવટની હોવાનુ જાણકારોનુ માનવુ છે. છેલ્લા એક મહિનામાં આવેલા કેટલાક અહેવાલોમાં દાવો કરાયો છે કે, ચીન ભારત સરહદ નજીકના વિસ્તારોમાં પોતાની ક્ષમતા વધારી રહ્યુ છે.તે પોતાના ફાઈટર જેટ્સ માટે નવા હેંગર પણ બનાવી રહ્યુ છે અને નવુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ઉભુ કરી રહ્યુ છે. ગયા મહિને પણ ચીને સિક્કિમના નાકુ લા પાસ પાસે ઘૂસણખોરીની કોશીશ કરી હતી અને તેને ભારતીય સેનાએ નાકામ બનાવી હતી.જે દરમિયાન થયેલા ઘર્ષણમાં બંને તરફ સૈનિકોને સાધારણ ઈજાઓ પણ પહોંચી હતી.

## પંતને ICCએ મેન્સ ઓફ ધ મંથ તરીકે નોમિનેટ કર્યો

દુબઈ, તા. ૨

ગાબા ખાતે ઓસ્ટ્રેલિયા સામેની અંતિમ ટેસ્ટ મેચમાં ભારીય ટીમને જીત તરફ દોરી જનાર વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતને મંગળવારે આઈસીસીએ મેન્સ પ્લેયર ઓફ ધ મંથ તરીકે નોમિનેટ કર્યો છે. પંત ઉપરાંત ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટ તેમજ આયરલેન્ડના પોલ સ્ટિર્લિંગને પણ આઈસીસીએ આ એવોર્ડ માટે નોમિનેટ કર્યા છે.

આંતરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે આજે મહિલા તેમજ પુરૂષ ક્રિકેટ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્લેયર ઓફ ધ મંથના નામાંકનની જાહેરાત કરી છે.

## CBSE બોર્ડની પરીક્ષા ૪મેથી શરૂ

ન્યુ દિલ્હી,તા. ૨

કેન્દ્રીય શિક્ષણમંત્રી ડો.રમેશ પોખરિયાલ 'નિશંક' એ આજે સીબીએસઈ બોર્ડ ૧૦ અને ૧૨ ધોરણની ડેટશીટ જાહેર કરી દીધી છે.

સીબીએસઈ એ ૧૦માં અને ૧૨માં ધોરણની પરીક્ષાઓ માટેની ડેટશીટ જાહેર કરી દીધી છે, આ સંબંધે શિક્ષા મંત્રી ડો. રમેશ પોખરિયાલે જાણકારી આપતા કહ્યું હતું કે બોર્ડની સાઈટ પર આ ડેટશીટ ઉપલબ્ધ છે. મહત્વનું છે કે ૪ મે થી ૧૦ જૂનની વચ્ચે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ થવાની છે અને એક માર્ચથી પ્રેક્ટિકલની પરીક્ષાઓ શરુ કરી દેવામાં આવશે.

ટફ વિષયની પરીક્ષાઓની તારીખોની વચ્ચે વધુ સમયનો ગેપ આપવામાં આવ્યો છે કે જેથી કરીને વિદ્યાર્થીઓને કોઈ પણ મુશ્કેલઈ ન પડે. શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે બધા વિદ્યાર્થીઓએ જે રીતે ગત વર્ષે સારું પ્રદર્શન કર્યું હતું તે રીતે આ વર્ષે પણ કરશે તેવી આશા છે. સાથે જ તેમણે કહ્યું હતું કે કોરોના કાળની બધી જ સાવચેતીઓને સાથે રાખીને આપણે આગળ વધવાનું છે.

WALK-IN INTERVIEW
Samarpan Education & Reserch Campus
Nr. KH-7, Samarpan Circle, Sector-28, Gandhinagar - 28

We Invites candidate for the following post.
Interested candidates may "walk-in' for the interview with their update CVs and relevant document per the schedule below.

Samarpan Science and Commerce College (English Medium)
Affiliated to Gujarat University, Contact No.: 9228000033
Chemistry, Commerce, Accountancy

Samarpan School of Law (English Medium)
Affiliated to Gujarat University, Contact No.: 9228000033
न्यायेन रक्षणम्।
Position : Principal & Assistant Professor

Candidate should fulfil the eligibility norms as per Gujarat University / U.G.C. / B.C.I. Interested candidates may "walk-in" for the interview with their update Cvs and relevant documents as per the schedule below
Date: 04, February -2021, Thursday, Time: 11.00 a.m. to 14.00 p.m.
Venue: Samarpan Education & Research Campus
B-Wing College Building, Nr. KH-7, Samarpan Circle, Sector - 28, Gandhinagar - 28.
Note : Registration Time 10.00 to 12.00 Registrar

## બેસણું



અમારા પૂ.પિતાશ્રી **જશવંતલાલ શંકરલાલ પાઠક**
(Retired APMG Vigilance, Postal Dept., President, Postal Pensioner's Association – Gujarat)
તા.૨૨-૦૧-૨૦૨૧ના રોજ અક્ષરનિવાસી થયા છે.
સદ્ગતનું બેસણું બુધવાર તા. ૦૩-૦૨-૨૦૨૧ના રોજ તેમના નિવાસ સ્થાને સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.

**નિવાસ સ્થાન : બંગલા નં. ૨૧, સૌરભ સોસાયટી, સેકટર-૨૩, ગાંધીનગર**

અક્ષર શતાયુ અધ્વર્યુ (દોહિત્ર)
પ્રાચી – રોનક કુમાર જોશી (દોહિત્રી)
નિયતી – કુલદીપ કુમાર (દોહિત્રી)
સ્મિતા પાઠક – અધ્વર્યુ (પુત્રી)
ઉપસચિવ, કૃષિ વિભાગ, ગુજરાત સરકાર
શતાયુ ચંદ્રશંકર અધ્વર્યુ (જમાઈ)
આસી. સીટી એન્જીનીયર (નિવૃત) AMC

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી
ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.